Thursday
19.11.2026
✳Volume :11 ✳ Issue No.138
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

ગરબાડા તાલુકાના ૭૨ કલાકના પ્રવાસ દરમિયાન પ્રથમ દિવસે સરાબલી ગામના અદના આદિજાતિ પરિવારના ઘરે બપોરનુ ભોજન લીધુ“

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સાદગી આદિજાતિ ગ્રામજનો અને પરિવારોને સ્પર્શી ગઈ











કમલમ્,
મુખ્યમંત્રીશ્રીભૂપેન્દ્ર પટેલે દાહોદ જિલ્લાના આદિજાતિ વિસ્તાર ગરબાડાના ગામોનો ત્રિ દિવસીય પ્રવાસ શરૂ કર્યો છે. શ્રી ભૂપેન્દ્ર પટેલ મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીની છાપ ધરાવવા સાથે સરળ, સાહજિક અને આપણા ભૂપેન્દ્ર દાદા તરીકે પણ લોકપ્રિય બન્યા છે. મુખ્યમંત્રી શ્રીએ આદિજાતિ વિસ્તારની મુલાકાત દરમિયાન પોતાની આ ગવી સાહજિકતાનો વધુ એક પરિચય સરાબલી ગામના અદના આદિજાતિ પરિવારના ઘરે નીચે બેસીને પરિવાર સાથે ભોજન લઈને આપ્યો હતો.તેમણે આ પરિવારના વડિલો અને બહેનો સાથે વાતચિત કરીને પારિવારિકસ્થિતી જાણી હતી તેમજ બાળકોના અભ્યાસ, પરિવારની આજિવિકા અંગે પુછપરછ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ અગાઉ ગરબાડા પહોચ્યા ત્યારે સૌ પ્રથમ ધરતી આબા ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાજંલિ અર્પણ કરી હતી. આ વેળાએ આદિવાસી સંસ્કૃતિ અને લોકપરંપરા તથા ઉત્સવના માહોલ વચ્ચે ગ્રામજનોએ તેમનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ ત્યારે પંણ શ્રી ભૂપેન્દ્ર પટેલની સાદગીનો સૌને પરીચય થયો હતો.સ્વાગત નૃત્ય કરતી ટીમે મુખ્યમંત્રીશ્રી સાથે ફોટો પડાવવાની ઈચ્છા વ્યકત કરી ત્યારે તેઓ સહજ ભાવે ટીમ સાથે ઉભા રહી ગયા અને ફોટોગ્રાફ પડાવ્યો. તેમને આ આદિવાસી કલાકારોએ પરંપરાગત આદિવાસી કેડી, ભોરીયું અને તીર-કામઠું અર્પણ કરીને સત્કાર્યા હતા.

જનજાતીય ગૌરવ સપ્તાહઃ આદિજાતિના કલ્યાણ માટે પ્રતિબદ્ધ ગુજરાત સરકાર

“જનજાતીય ગૌરવ હજારો વર્ષોથી ભારતની ચેતનાનું અભિન્ન અંગ છે. જ્યારે પણ રાષ્ટ્રના સન્માન, સ્વાભિમાન અને સ્વતંત્રતા પર પ્રશ્નો ઊભા થયા છે, ત્યારે જનજાતીય સમુદાય સૌથી આગળ આવીને ઊભો રહ્યો છે.”-શ્રી નરેન્દ્ર મોદી, માનનીય વડાપ્રધાનશ્રી





ધરતી આબા ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી એટલે કે ૧૫ નવેમ્બરનો દિવસ ભારતના ઇતિહાસમાં એક વિશેષ સ્થાન ધરાવે છે. જનજાતીય સમુદાયના સ્વાભિમાનની રક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કરનાર સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુંડા ફક્ત એક નાયક જ નહીં, પરંતુ આદિજાતિ અસ્મિતાના પણ પ્રતીક છે. જનજાતીય સમાજના ઉત્થાન અને તે સમાજના નાયકોના યોગદાનને માન્યતા આપવાના ઉદ્દેશથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૧ માં દર વર્ષે ભગવાન બિરસા મુંડાની જયંતી એટલે કે ૧૫ નવેમ્બરના દિવસને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય લીધો. આદિવાસી નાયકોના યોગદાનને શ્રદ્ધાંજલિ આપવા અને જનજાતીય અસ્મિતાની ઉજવણી કરવાના ઉદ્દેશ્યથી ગુજરાત સરકાર ૧૨ થી ૧૮ નવેમ્બર દરમિયાન રાજ્યભરમાં 'જનજાતીય ગૌરવ સપ્તાહ' ઉજવી રહી છે.

ગુજરાત માટે આ અવસર વિશેષ મહત્વ ધરાવે છે. ગુજરાત પોતાની વિશિષ્ટ જનજાતીય સંસ્કૃતિ અને પરંપરાઓની સાથે-સાથે આદિવાસી સમુદાયને વિકાસના મુખ્યપ્રવાહ સાથે જોડવા માટે પણ જાણીતું છે. અંબાજીથી ઉમરગામ સુધીના પૂર્વ પટ્ટામાં રાજ્યના મોટાભાગનો આદિજાતિ સમુદાય વસેછે. વડાપ્રધાન શ્રીનરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના પોતાના કાર્યકાળ દરમિયાન જનજાતીય સમુદાયના સર્વાંગી વિકાસ માટે 'વનબંધુ કલ્યાણ યોજના' શરૂ કરી હતી. આ યોજનાએ ફક્ત રાજ્યના આદિવાસી સમુદાયની સામાજિક-આર્થિક સ્થિતિમાં પરિવર્તન લાવવાનું જ કામ નથી કર્યું, પરંતુ હાંસિયામાં ધકેલાઈ ગયેલા આદિવાસી સમુદાયના ઉત્થાન માટે એક મોડલ તરીકે દેશને નવો માર્ગ પણ ચીંધ્યો છે. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં જનજાતીય સમુદાયના કલ્યાણની આ યાત્રા નવી ઉંચાઈઓ સર કરી રહીછે.

વનબંધુ કલ્યાણ યોજના: આદિવાસીઓના જીવનમાં વિકાસનું અજવાળું

૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ ગુજરાતમાં આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટે 'વનબંધુ કલ્યાણ યોજના' નો એક વિશિષ્ટ મિશન તરીકે પ્રારંભ કરવામાં આવ્યો. આ યોજનાના કેન્દ્રમાં રોજગાર, શિક્ષણની ગુણવત્તા, આર્થિક વિકાસ, આરોગ્ય, સંઘ માટે આવાસ, પીવાનું પાણી, સિંચાઈ, બારમાસી રસ્તાઓ, વીજળી અને શહેરી વિકાસ જેવા દસ મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા. પહેલી વનબંધુ કલ્યાણ યોજના વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૨૦-૨૧ સુધી ચાલી હતી, જે હેઠળ કુલ રૂ.૧.૦૬ લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

પહેલી વનબંધુ કલ્યાણ યોજનાની સફળતા બાદ વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ના સમયગાળા માટે રૂ.૧ લાખ કરોડની 'વનબંધુ કલ્યાણ યોજના-૨' શરૂ કરવામાં આવી. આ તબક્કામાં રોજગારલક્ષી કાર્યક્રમોનો લાભ મેળવતા પરિવારોનો લક્ષ્યાંક ૫ લાખથી વધારીને ૧૦ લાખ કરવામાં આવ્યો હતો. આ બાબત છાંવે છે કે, હવે વિકાસની પરિકલ્પના માત્ર પાયાની સુવિધાઓ પૂરી પાડવા પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ પરિવારોની આવકમાં વૃદ્ધિ અને રોજગારીની નવી તકોના સર્જન પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

શિક્ષણના માધ્યમથી લખાઈ રહી છે પરિવર્તનની નવી ગાથા

શિક્ષણ કોઈપણ સમાજના ઉત્થાન માટેનું સૌથી સશક્ત માધ્યમ છે, અને તેથી ગુજરાત સરકારે તેના પર જ સૌથી વધુ ભાર મૂક્યો છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન શિષ્યવૃત્તિ, ગણવેશ, ભોજન, શૈક્ષણિક સામગ્રી, સાયકલ અને આવાસી શિક્ષણ જેવી સુવિધાઓના વ્યાપક વિસ્તરણદ્વારા શિક્ષણની પહોંચ વધુ સુદૃઢ બનાવવામાં આવી છે. રાજ્ય સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત દર વર્ષે આશરે ૧૩ લાખ આદિવાસી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં DBT મારફતે સીધી શિષ્યવૃત્તિ જમા કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન આ યોજના હેઠળ રૂ.૪૩૦.૨૭ કરોડના ખર્ચે કુલ ૫૮.૩૮ લાખ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. તેવી જ રીતે, ભારત સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત આ જ સમયગાળા દરમિયાન રૂ.૧૮૪.૫૧ કરોડના ખર્ચે ૫.૩૭ લાખ વિદ્યાર્થીઓને, જ્યારે પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત રૂ.૨,૭૮૬.૩૪ કરોડના ખર્ચે ૧૧.૩૯ લાખ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત, આદિજાતિ વિદ્યાર્થિનીઓને રાજ્ય સરકારની વિશેષ પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવકમર્યાદાને ધ્યાનમાં લીધા વિના સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન આ યોજના હેઠળ રૂ.૪૨૦.૨૭ કરોડના ખર્ચે ૩૨,૨૨૬ વિદ્યાર્થિનીઓને આવરી લેવામાં આવી છે.

ગણવેશ સહાય યોજના અંતર્ગત રૂ.૪૮૨.૨૬ કરોડના ખર્ચે ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા આશરે ૫૮.૨૦ લાખ વિદ્યાર્થીઓને ગણવેશની ત્રણ જોડી માટે સહાય પૂરી પાડવામાં આવી છે. કુપોષિત સહાય યોજના હેઠળ કોલેજને સંલગ્ન છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ભોજનખર્ચ માટે સહાય આપવામાં આવે છે, જે અંતર્ગત રૂ.૨૬૬.૩૫ કરોડના ખર્ચે કુલ ૧.૮૩ લાખ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. મેડિકલ, એન્જિનિયરિંગ અને ડિપ્લોમાના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનોની ખરીદી માટે સહાય આપવામાં આવે છે, જે હેઠળ રૂ. ૪૫૪.૮૮ લાખના ખર્ચે કુલ ૮,૪૯૧ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. દીકરીઓના શિક્ષણની વિશેષ ચિંતા કરીને રાજ્ય સરકારે 'વિદ્યા સાધના યોજના' અંતર્ગત રૂ. ૮૦.૩૪ કરોડના ખર્ચે ૧.૭૬ લાખ આદિવાસી દીકરીઓને શાળાએ આવવા-જવા માટે સાયકલ સહાય પૂરી પાડી છે, જ્યારે 'ટેલેન્ટ પૂલ વાઉચર યોજના' હેઠળ રૂ.૫,૫૨૧.૩૮ લાખના ખર્ચે કુલ ૯,૧૩૧ વિદ્યાર્થિનીઓને લાભ આપવામાં આવ્યો છે. આદિવાસી બાળકોના પોષણ અને આરોગ્યને ધ્યાનમાં રાખીને 'દૂધ સંજીવની યોજના' હેઠળ રૂ.૫૫૩ કરોડના ખર્ચે ૩૮.૫૪ લાખ બાળકોને ૨૦૦ મિલી વીટર ફ્લેવર્ડ દૂધ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

રાજ્યની આ જ વિચારધારાનો વિસ્તાર આવાસી શિક્ષણ સંસ્થાઓમાં પણ જોવા મળે છે. રાજ્યની ૬૬૩ આશ્રમશાળાઓમાં ધોરણ ૧ થી ૧૨ સુધીના આશરે ૧.૧૧ લાખ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક આવાસ, ભોજન અને શિક્ષણની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. ૭૬ આદર્શ નિવાસી શાળાઓ દ્વારા છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રૂ. ૫૩૪.૦૬ કરોડના ખર્ચ કુલ ૪૯,૨૫૪ વિદ્યાર્થીઓને લાભાન્વિત કરવામાં આવ્યા છે.તેવી જ રીતે, ૧૭૬ સરકારી છાત્રાલયોમાં રૂ.૫૨૩.૩૦ કરોડના ખર્ચે ૮૪,૦૨૧ વિદ્યાર્થીઓને, જ્યારે ૮૬૫ સરકારી અનુદાનિત છાત્રાલયોમાં રૂ.૫૯૩.૩૦ કરોડના ખર્ચે આ સમયગાળા દરમિયાન આશરે ૨.૫૬ લાખ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. વધુમાં, રાજ્યમાં કાર્યરત ૫૬ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ, ૪૩ ગર્લ્સ હોસ્ટેલ રેસિડેન્શિયલ સ્કૂલ અને ૧૨ મોડેલ સ્કૂલ સહિત કુલ ૧૧૧ શાળાઓમાં આશરે ૩૭,૩૩૮ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત શાળાઓમાં વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન રૂ.૧,૩૩૯.૬૭ કરોડના ખર્ચે કુલ ૧.૧૭ લાખ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણની સાથે નિઃશુલ્ક આવાસ અને ભોજનની સુવિધા પૂરી પાડવામાં આવી છે.

સૌથી મહત્વપૂર્ણ બદલાવ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે જોવા મળે છે. છેલ્લા પાંચ વર્ષોમાં આદર્શ નિવાસી શાળાઓ અને ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટીની શૈક્ષણિક સંસ્થાઓમાંથી અભ્યાસ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓ પૈકી ૨૭૬ વિદ્યાર્થીઓએ MBBS, ૧૪૦એ ડેન્ટલ, ૧૭૧એ હોમિયોપેથી, ૭૯એ આયુર્વેદ, ૬૬એ ફિઝિયોથેરાપી, ૨૫૭એ ફાર્મસી, ૨,૧૨૦એ નર્સિંગ અને ૭૮૯ વિદ્યાર્થીઓએ એન્જિનિયરિંગના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવ્યો છે. આ આંકડાઓ માત્ર શૈક્ષણિક સિદ્ધિઓ જ નહીં, પરંતુ આદિવાસી યુવાનોમાં આવી રહેલા આત્મવિશ્વાસના પણ સૂચક છે.જેના થકી પરંપરાગત મર્યાદાઓને પાર કરીને આદિવાસી યુવા પેઢી હવે આધુનિક વ્યવસાયલક્ષી ક્ષેત્રોમાં પોતાની આગવી ઓળખ સ્થાપિત કરી રહી છે.

ગુજરાત સરકારે આદિવાસી યુવાનોના ઉચ્ચ શિક્ષણના સપનાંઓને નવી પાંખો આપી છે. વિદેશ અભ્યાસ માટે લોન યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૨૧૬૯.૨૦ લાખના ખર્ચે કુલ ૧૬૨ આદિવાસી વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે રૂ.૧૫ લાખની મર્યાદામાં ૪ ટકાના વ્યાજદરે લોન આપવામાં આવી છે. આ ઉપરાંત, પાયલટ તાલીમ યોજના અને વકીલ સહાય યોજના મારફતે આદિવાસી યુવાનો માટે ઉચ્ચ શિક્ષણનો માર્ગ સરળ બનાવવામાં આવ્યો છે.

કૃષિ અને આજીવિકા

ગુજરાત સરકાર આદિવાસી પરિવારોની આવકમાં વધારો થાય અને તેમના જીવનધોરણમાં સુધારો થાય તે માટે નક્કર પ્રયાસો કરી રહી છે. કૃષિક્ષેત્રે આદિવાસી ખેડૂતોને સશક્ત બનાવવા માટે મંડપ સહાયના યોજના, ફળાઉ રોપા સહાય વિતરણ યોજના અને કૃષિ યાંત્રિકીકરણ યોજના સહિતની વિવિધ યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકવા માં આવી છે. આદિવાસી યુવાનોને ગુણવત્તાયુક્ત અને રોજગારલક્ષી તાલીમ આપવા માટેછેલ્લાં પાંચ વર્ષમાં રૂ.૬૧.૯૫ કરોડના ખર્ચે કુલ ૨૦,૧૫૮ આદિવાસી યુવક-યુવતીઓને તાલીમ આપવામાં આવી છે, જેમાંથી ૧૫,૪૮૫ યુવાનોને રોજગારી પ્રાપ્ત થઈ છે. નાનો-મોટો વ્યવસાય શરૂ કરવા કેસ્વરોજગાર માટે અમલમાં મૂકાયેલી માનવ ગરિમા યોજના હેઠળ રૂ. ૬૫૭૯.૩૫ લાખના ખર્ચે કુલ ૩૫,૦૪૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

આરોગ્ય, આવાસ અને સામાજિક સુરક્ષાનું મજબૂત કવચ

રાજ્ય સરકારે આરોગ્યક્ષેત્રે મહત્વપૂર્ણ પગલું ભરતાં મફત તબીબી સહાય યોજના અંતર્ગત ટીબી, કેન્સર, સિકલ સેલ અને થેલેસેમિયા જેવી ગંભીર બીમારીઓથી પીડાતા ૬૫,૮૮૯ લાભાર્થીઓને રૂ.૧૦૦.૨૭ કરોડની સહાય પૂરી પાડી છે.

તે જ રીતે, આદિવાસી કુટુંબોના ઘરનું ઘર બનાવવાના સપનાને સાકાર કરતી વ્યક્તિગત ધોરણે આવાસ યોજના તેમજ હળપતિ આવાસ યોજના અંતર્ગત છેલ્લાં પાંચ વર્ષમાં રૂ.૩૯૩.૬૫ કરોડના ખર્ચે ૩૧,૧૩૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

કુંકરભાઈનું મામેરું યોજના અંતર્ગત પાત્ર દીકરીઓના લગ્ન પ્રસંગે સહાય પૂરી પાડવા માટે ગુજરાત સરકાર દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં રૂ.૪૯.૦૨ કરોડના ખર્ચે ૪૦,૬૪૬ લાભાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવી છે. મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ ૧૧ સરહદી જિલ્લાઓમાં પાયાની સુવિધાઓના વિકાસ માટે રૂ.૪૩૨.૯૭ કરોડના ખર્ચે કુલ ૪,૬૫૪ વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે.

ખાસ નબળા આદિજાતિ જૂથો સુધી વિકાસની પહોંચ

કેન્દ્ર સરકારની પહેલોના માધ્યમથી આદિવાસી સમુદાયોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળ્યું છે. 'પીએમ જનમન' અભિયાન અંતર્ગત ગુજરાતના પાંચ ખાસ નબળા આદિજાતિ જૂથો (PVTG) – કાથોડી, કટોડિયા, પઢાર, સિદી અને કોલધા નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમુદાયો અને તેમના વિસ્તારોમાં પાયાની સુવિધાઓની અછત દૂર કરવાના હેતુથી વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં રૂ.૧૭૫.૩૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ જ રીતે 'ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન' હેઠળ રાજ્યના ૨૧ જિલ્લાના ૧૦૨ તાલુકાઓનાં કુલ ૪,૨૬૫ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેનો ઉદ્દેશ સામાજિક માળખાકીય સુવિધાઓ, આરોગ્ય, શિક્ષણ અને આજીવિકાનાં ક્ષેત્રોમાં તમામ પાત્ર લાભાર્થીઓને યોજનાકીય લાભો પૂરા પાડીને આદિવાસી ગામોનો સર્વાંગી અને ટકાઉ વિકાસ પ્રાપ્ત કરવાનો છે. આ માટે વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ. ૮૭.૫૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

જનજાતીય કલ્યાણ યોજનાઃ આગામી પાંચ વર્ષ માટે રૂ. ૨ લાખ કરોડની જોગવાઈ

વિકાસની આ અભૂતપૂર્વ યાત્રાને આગળ વધારતાં રાજ્ય સરકારે આદિવાસી સમુદાયના વિકાસ માટે વર્ષ ૨૦૨૬-૨૭થી ૨૦૩૦-૩૧ માટે રૂ.૨ લાખ કરોડની જોગવાઈ સાથે જનજાતીય કલ્યાણ યોજના' શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. વર્ષ ૨૦૨૬-૨૭માં જનજાતિ વિકાસ વિભાગ અને અન્ય વિભાગોના માધ્યમથી કુલ રૂ. ૩૫,૭૮૨.૦૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ભગવાન બિરસા મુંડાએ જે સન્માન, સમાનતા, અને સ્વાભિમાનનું સ્વપ્ન જોયું હતું, તે આજે ગુજરાતની ધરતી પર સાકાર થઈ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતના આદિવાસી સમુદાય શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને આત્મનિર્ભરતાના માર્ગે સતત પ્રગતિ કરી રહ્યો છે.

તંત્રી સ્થાનેથી.....

અમદાવાદમાં સ્થિત ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ(GCRI) દ્વારા HIV પોઝિટિવ મહિલાઓના આરોગ્યને ધ્યાનમાં રાખીને એક નવીન પહેલ હાથ ધરવામાં આવી છે, જે હેઠળ આ મહિલાઓની નિયમિત HIV સારવારના ભાગરૂપે HPV DNA આધારિત સર્વાઇકલ કેન્સર (ગર્ભાશયના મુખનું કેન્સર)ના સ્ક્રીનિંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ પહેલ અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા ART સેન્ટર મારફતે અમલમાં મૂકવામાં આવી રહી છે. આ પહેલને 'એક્સલન્સ ઇન પેશન્ટ કેર એન્ડ સર્વિસ ડિલિવરી' કેટેગરીમાં FICC' હેલ્થકેર એક્સલન્સ એવોર્ડ ૨૦૨૬ પણ એનાયત કરવામાં આવ્યો છે. HIV સાથે જીવતી મહિલા ઓમાં હાઇ-રિસ્ક હ્યુમન પેપિલોમા વાયરસ (HPV) નું સંક્રમણ લાંબા સમય સુધી રહેવાનું અને તેના પ્રકરણે સર્વાઇકલ કેન્સર થવાનું જોખમ વધુ હોય છે. નિયમિત HIV સારવાર સાથે સર્વાઇકલ કેન્સર સ્ક્રીનિંગને સાંકળવાથી આ સંવેદનશીલ વર્ગની મહિલા ઓમાં રોગનું વહેલું નિદાન, સમયસર સારવાર અને આરોગ્યલક્ષી પરિણામોમાં સુધારો લાવવાની તક મળે છે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં આરોગ્યસેવાઓને વધુ સુલભ, સસ્તી અને ગુણવત્તાયુક્ત બનાવવાની સાથે નિવારક આરોગ્યસંભાળ અને રોગોના વહેલાસર નિદાન પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. તે જ દિશામાં, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર પણ રાજ્યમાં આધુનિક આરોગ્યસુવિધાઓનું વિસ્તરણ કરી રહી છે. રાજ્ય કક્ષાના આરોગ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) શ્રી પ્રફુલ્લ પાનસેરિયાના માર્ગદર્શન હેઠળ રાજ્યના આરોગ્ય વિભાગ કેન્સર સહિતના ગંભીર રોગોના વહેલાસર નિદાન અને સંવેદનશીલ વર્ગોને ગુણવત્તાયુક્ત આરોગ્યસેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે સતત પ્રયત્નશીલ છે. ગુજરાત સરકાર અને ગુજરાત કેન્સર સોસાયટી દ્વારા સંયુક્ત રીતે સંચાલિત ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ(GCRI) રાજ્યમાં કેન્સરની સારવાર અને સંભાળમાં મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ઉભરી છે. આધુનિક તબીબી સુવિધા ઓથી સજ્જ આ સંસ્થા કેન્સરના દર્દીઓની સારવાર માટે સમર્પિત છે અને પોતાની આ નવીન પહેલ હેઠળ, HIV પોઝિટિવ મહિલાઓના આરોગ્યલક્ષી પરિણામોમાં સુધારો લાવવાનો પ્રયાસ કરી રહી છે.

GCRIની પહેલની મુખ્ય સિદ્ધિ ઓ અને પરિણામો

GCRI દ્વારા આ પહેલ માર્ચ ૨૦૨૫માં અમલી કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં આ પહેલ હેઠળ મેળવેલી સિદ્ધિ ઓ અને પરિણામો નીચે મુજબ છે:

- HIV સાથે જીવતી ૧,૫૪૨ મહિલાઓનું HPV DNA ટેસ્ટિંગ દ્વારા સ્ક્રીનિંગ કરવામાં આવ્યું
- ૩૧૮ મહિલાઓ (૨૦.૬૯%)નો HPV ટેસ્ટ પોઝિટિવ આવ્યો, જ્યારે ૧,૨૨૩ મહિલાઓનો ટેસ્ટ નેગેટિવ આવ્યો.
- સ્ક્રીનિંગ બાદ વધુ તપાસ અને મૂલ્યાંકન માટે ૧૫૦ મહિલાઓની કોલ્પોસ્કોપી કરવામાં આવી.
- પિક્ટોસરસ સર્વાઇકલ લેસિઓન્સ (CIN) એટલે કે ગર્ભાશયના મુખ પર કેન્સર પૂર્વેની સ્થિતિ ધરાવતા ૯૪ કિસ્સાઓ મળી આવ્યા, જેમાં CIN ૧ ના ૬૩ કિસ્સા, CIN ૨ ના ૩૦ કિસ્સા અને CIN ૩ નો ૧ કિસ્સો સામેલ છે.
- સર્વાઇકલ કેન્સરનો પ્રારંભિક તબક્કાનો ૧ કેસ પણ ઓળખી કાઢવામાં આવ્યો, જેના પરિણામે સમયસર તબીબી હસ્તક્ષેપ અને સારવાર શક્ય બની.

મહિલાઓના આ સમૂહમાં HPV પોઝિટિવિટીનો દર ૨૦.૬૯% નોંધાયો હતો, જે ગુજરાતની શહેરી સામાન્ય વસ્તીમાં નોંધાયેલા ૪.૮૨% અને ગ્રામ્ય સામાન્ય વસ્તીમાં નોંધાયેલા ૫.૨૨% દર કરતાં નોંધપાત્ર રીતે ઊંચો છે. આ આંકડા દર્શાવે છે કે, HIV સાથે જીવતી મહિલાઓ માટે આવું લક્ષિત સ્ક્રીનિંગ કેટલું મહત્વપૂર્ણ છે.

GCRIની પહેલને મળ્યો FICCI હેલ્થકેર એક્સલન્સ એવોર્ડ ૨૦૨૬

આ પહેલને એક્સલન્સ ઇન પેશન્ટ કેર એન્ડ સર્વિસ ડિલિવરી' (દર્દીની સંભાળ અને સેવા પ્રદાન કરવામાં શ્રેષ્ઠતા) કેટેગરીમાં 'FICCI હેલ્થકેર એક્સેલન્સ એવોર્ડ ૨૦૨૬' એનાયત કરવામાં આવ્યો છે. આ એવોર્ડ નિયમિત HIV સારવાર સાથે કેન્સર નિવારણ અને વહેલાસર નિદાનને સાંકળી લઈને દર્દી-કેન્દ્રિત આરોગ્યસંભાળને વધુ મજબૂત બનાવવા માટે GCRI દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને બિરદાવે છે.

ગુજરાતના અન્ય ART કેન્દ્રોમાં પણ આ પહેલનું વિસ્તરણ

GCRI આ સંકલિત મોડેલને વધુ મજબૂત બનાવવા તેમજ તેની વ્યવહારિક શક્યતાઓ અને ઉપલબ્ધ સંસાધનોને ધ્યાનમાં રાખીને ગુજરાતનાં અન્ય ART કેન્દ્રોમાં પણ તેનો વિસ્તાર કરવાની દિશામાં પ્રયાસો કરશે. આ અભિગમથી સર્વાઇકલ કેન્સર સ્ક્રીનિંગની સુલભતા માં વધારો થશે, તેના નિદાનમાં થતો વિલંબ ઘટશે, તેમજ HIV સાથે જીવતી મહિલાઓને કેન્સરની સમાન સંભાળ સુનિશ્ચિત કરવામાં મદદ મળશે. આ પહેલ નિવારક આરોગ્યસંભાળ, કેન્સરનું વહેલાસર નિદાન અને સંવેદનશીલ વર્ગોના આરોગ્યલક્ષી પરિણામોમાં સુધારો લાવવા પ્રત્યે ગુજરાત સરકાર અને GCRIની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે નવગઠિત સુરત ડાક પરિક્ષેત્રના તમામ મંડળાધ્યક્ષોના કાર્યની સમીક્ષા કરી, લક્ષ્યાંકો સમયમર્યાદામાં પૂર્ણ કરવા પર આપ્યો ભાર

પોસ્ટ વિભાગની આધુનિક સેવાઓ અને ડિજિટલ પહેલથી નાગરિકોને મળી રહી છે સુવિધાઓ — પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ



કમલમ્,

ઈન્ડિયા પોસ્ટ જનજન સુધી સેવાઓ પહોંચાડવાની પોતાની સમૃદ્ધ અને ગૌરવશાળી પરંપરાને જાળવી રાખીને ડિજિટલ યુગની બદલાતી જરૂરિયાતોને અનુરૂપ સતત પોતાનો વિકાસ કરી રહ્યો છે આધુનિક ટેક્નોલોજી અને ડિજિટલ નવીનતાઓનો સમન્વયથી પોસ્ટલ સેવાઓને વધુ સુલભ, ઝડપી, સુવિધાજનક અને પારદર્શક બનાવવામાં આવી રહી છે, જેના પરિણામે શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારોના નાગરિકો સમાનરીતે લાભાન્વિત થઈ રહ્યા છે. ગુજરાત સર્કલમાં નવગઠિત સુરત ડાક પરિક્ષેત્ર અંતર્ગત વિભાગીય પ્રવૃત્તિઓને વેગ આપવા, કામગીરીની નિયમિત સમીક્ષા કરવા તેમજ લક્ષ્યાંકોની સમયબદ્ધ પ્રાપ્તિ સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી તા. ૧૭ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવની અધ્યક્ષતા માં સર્કિટ હાઉસના કોન્ફરન્સ હોલમાં પ્રથમ સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું પ્રવર અધિક્ષક શ્રી યશકુમાર જૈન, સહાયક નિદેશક શ્રી અંસે. વી. પરમાર સહિતના અધિકારીઓએ સુરત આગમન પર પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવનું સ્વાગત કર્યું. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ સુરત હેડ પોસ્ટઓફિસ ક્રમ્પસ ખાતે આવેલા નવ ગઠિત ક્ષેત્રીય કાર્યાલયનું નિરીક્ષણ કરી જરૂરી નિર્દેશો આપ્યા. તા. ૧ નવેમ્બર ૨૦૨૬થી નવા બનેલા સુરત ડાક પરિક્ષેત્રમાં સુરત, ભરૂચ, નર્મદા, ડાંગ, નવસારી, તાપી અને વલસાડ સહિતના ૭ જિલ્લાઓ ઉપરાંત કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દાદરા-નગર હવેલીનો સમાવેશ થાય છે. આ પરિક્ષેત્રમાં ૬ મંડળો, ૬ હેડ પોસ્ટઓફિસો, ૨૩૮ સબ પોસ્ટઓફિસો અને ૧,૫૬૬ બ્રાંચ પોસ્ટ ઓફિસો મળી કુલ ૧,૮૦૫ પોસ્ટ ઓફીસોનો સમાવેશ થાય છે. સુરતમાં પોસ્ટલ સેવાઓના વિસ્તરણને ધ્યાનમાં રાખીને તેને સુરત પૂર્વ અને સુરત પશ્ચિમ એમ બે મંડળોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ દ્વારા સર્કિટ હાઉસ ખાતે પોસ્ટ વિભાગના વ્યવસાયની શ્રેણીવાર સમીક્ષા કરવામાં આવી. જેમાં ડોમેસ્ટિક મેઇલ, પાર્સલ, આંતરરાષ્ટ્રીય મેલ, બચત બેંક સેવાઓ, પોસ્ટલ જીવન વીમા અને ગ્રામીણ પોસ્ટલ જીવન વીમા, નાગરિકલક્ષી સેવાઓ જેવી કે આધાર, પાસપોર્ટ, ફિલેટેલી તેમજ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકનો સમાવેશ કરવામાં આવ્યો. સુરત ડાક પરિક્ષેત્રને વર્ષ ૨૦૨૬-૨૭ માટે ફાળવવામાં આવેલા રૂ. ૧૮૭.૪૨ કરોડના લક્ષ્યાંકની સામે ઓક્ટોબર મહિના સુધીમાં આશરે રૂ. ૮૭ કરોડની સ્વેચ્છુ પ્રાપ્ત કરવામાં આવી છે, જે ગત વર્ષની સરખામણીએ ૨૫ % વધુ છે. સમીક્ષા દરમિયાન ભવિષ્યની પ્રાથમિકતાઓને અનુરૂપ નિર્ધારિત લક્ષ્યાંકો સમયમર્યાદામાં હાંસલ કરવા તેમજ વ્યવસાયિક વૃદ્ધિ સુનિશ્ચિત કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે પોસ્ટલ સેવાઓમાં નવીનતા સાથે તેની કાર્યક્ષમતા અને વ્યાપ વધારવા, નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવા, પોસ્ટ ઓફિસ કાઉન્ટર પર ડિજિટલ વ્યવહારો વધારવા, આધાર સેવાઓનો વિસ્તાર કરવા, પોસ્ટમેન દ્વારા ડિલિવરી માં બાઇક એપના માધ્યમથી પોસ્ટની ડિલિવરી કરવા, ડી પ્લસ ઝીરો અંતર્ગત સ્પીડ પોસ્ટ અને પાર્સલનું ઝડપી વિતરણ સુનિશ્ચિત કરવા, સેવા આના અસરકારક માર્કેટિંગ માટે વ્યૂહરચના ઘડવા તેમજ કરિયાદોનો ઝડપી નિકાલ કરવા પર પણ ભાર મૂક્યો. સુરતમાં વ્યવસાયની અપાર સંભાવનાઓને ધ્યાનમાં રાખીને સ્થાનિક ઉદ્યોગસાહસિકો અને વેપારીઓને ઈન્ટરનેશનલ બિઝનેસ સેન્ટર તથા ડાકઘર નિર્યાત કેન્દ્રના માધ્યમથી પોતાના ઉત્પાદનોની આંતરરાષ્ટ્રીય સ્તરે નિકાસ કરવા માટે પ્રોત્સાહિત કરવા પર પણ ભાર મૂકવા માં આવ્યો. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે તમામ અધિકારીઓને આ નાણાકીય વર્ષના નિર્ધારિત લક્ષ્યાંકો સમયમર્યાદામાં હાંસલ થાય તે સુનિશ્ચિત કરવા માટે નિષ્ઠા, પ્રેરણા અને સમર્પણભાવ સાથે કાર્ય કરવા પ્રેરિત કર્યા. આ બેઠકમાં સુરત પશ્ચિમ મંડળના પ્રવર અધિક્ષક શ્રી યશ કુમાર જૈન, સુરત પૂર્વના અધિક્ષક શ્રી આઈ. એન. ખિરતી, વલસાડના અધિક્ષક શ્રી જે. આર. વશી, ભરૂચના અધિક્ષક શ્રી બી. વાય. તલસીલદાર, નવસારીના અધિક્ષક શ્રી એસ. આર. મિસ્ત્રી, સહાયક નિદેશક (લોજિસ્ટિક્સ) શ્રી એસ. વી. પરમાર, બારડોલીના સહાયક અધિક્ષક શ્રી સી. આર. પટેલ, સહાયક અધિક્ષક શ્રી દિનેશ મારે, ડાકનિરીક્ષક શ્રી મયૂર ચૌધરી સહિત ના તમામ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

વ્યારા કોલેજના એન. એસ. એસ. વાર્ષિક શિબિરનો ઉદ્ઘાટન સમારંભ વિનોબા આશ્રમશાળા ગડત ખાતે યોજાયો

કમલમ્, રાકેશ વાળા

શ્રી ર.કે. દાવુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર. પી. ચૌહાણ આર્ટસ અને શ્રીમતી જે. કે. શાહ અને શ્રી કે. ડી. શાહ કોમર્સ કૉલેજ, વ્યારા, જિ. તાપીનો સાત દિવસનો "નશા અને ટીબી મુક્ત યુવા" થીમ ઉપર NSS વાર્ષિક શિબિર ગ્રામસેવા સમાજ સંચાલિત વિનોબા આશ્રમશાળા ગડત તા.ડોલવણ ખાતે શ્રી અમરસિંહભાઈ ચૌધરીના પ્રમુખ સ્થાને યોજાયો હતો. શિબિરની શરૂઆત શિબિરાર્થી વિદ્યાર્થિની બહેનોની પ્રાર્થનાથી કરવામા આવી હતી. આ પ્રસંગે કૉલેજના આચાર્યશ્રી ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ ઉપસ્થિત મહેમાનોને શાબ્દિક આવકાર આપી વર્તમાન ભારતમાં સમાજના દરેક વર્ગમાં નશાનું પ્રમાણ દિવસે દિવસે વધી રહ્યું છે અને તેની સાથે સાથે ટી.બી. અને અન્ય રોગોનું પ્રમાણ પણ વધી રહ્યું છે અને યુવાશક્તિ તેનો ભોગ બની રહી છે જે લાભ ગણી વ્યક્તિ, પરિવાર સમાજ અને રાષ્ટ્રને વિનાશના માર્ગે લઈ જાય છે. આ મહાવિનાશમાંથી સમાજ અને રાષ્ટ્રને બચાવવામાં એન.એન.એસ. સાથે સંકળાયેલ યુવાનોની ભૂમિકા મહત્વની બનતી હોય છે તેની વિસ્તૃત સમજ આપી જાતિ, જ્ઞાતિ, વર્ણ અને ધર્મના વાડામાંથી બહાર આવી સમરસ ભારતના નિર્માણમાં યુવાનોને આગળ આવવા અનુરોધ કર્યો હતો. ઉદઘાટન સમારંભના અધ્યક્ષ તથા ગડત આશ્રમ શાળાના પ્રમુખ અને ભારત સરકારના પૂર્વ પાર્લામેન્ટના સાંસદ તથા વિવિધ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાના આગેવાન શ્રી અમરસિંગભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં યુવા ભાગીદારીનું ખુબ મહત્વ છે તથા આપણા વિસ્તારના રહીશોમાં વ્યસનમુક્ત સમાજનો જીવનમંત્ર જળવાય તથા લોકોમાં આરોગ્ય અને સુખાકારીની સમજ મજબૂત બને તે માટે શાળા કૉલેજના વિદ્યાર્થીઓએ પ્રયત્નશીલ બનવું જોઈએ અને તે માટે પોતપોતાના વિસ્તારમા જાગૃતિ લાવી શકાય તેવા કાર્યો અને પ્રવૃત્તિઓ કરવી જોઈએ એમ જણાવી સંમુધ્ધ અને વ્યસનમુકત ભારતના નિર્માણમાં યુવાશક્તિને આગળ આવવા અનુરોધ કર્યો હતો. સમારંભના મુખ્ય મહેમાન તથા ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રીની ક્ચેરી, ગાંધીનગરથી ભરૂચ, સુરત, નર્મદા, અને તાપી જિલ્લાની વિવિધ કોલેજોના ઉચ્ચશિક્ષણ નિરીક્ષક શ્રીમતી અંજનાબેન સી. ચૌધરીએ શિબિરમાં ભાગ લેનાર તમામ શિબિરાર્થીઓને પ્રસંગોચિત શુભેચ્છા પાઠવી ઉચ્ચ શિક્ષણનું વર્તમાન સમયમાં કેટલું મહત્વ છે તેની સમજ આપી દરેક વિદ્યાર્થી ભાઈ બહેનોએ સ્પર્ધાના યુગમાં ટકવુ હશે તો ખુબ મહેનત કરવી પડશે. આજનો યુવાનોમાં ખુબ શક્તિ છે. યુવાનો આળસ છોડી સંઘર્ષ અને મહેનત કરશે તો સફળતા પૂર્વક ધારેલા પરિણામને પ્રાપ્ત કરી શકશે એમ જણાવ્યું હતું. સંસ્થાના આચાર્યશ્રી યોગેશભાઈ ગામીતે શિબિરાર્થીઓને આવકારી શ્રમ અને સંઘર્ષની ઉપયોગીતાની સમજ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રંજનબેન રાણા એ અને આભારવિધિ પ્રા.રક્ષાબહેન ટંડેલે કરી હતી. સમગ્ર શિબિરનાં સફળ બનાવવા પ્રા. ડૉ. દયારામભાઈ મહાલે તથા ડૉ. પૂજાબેન વ્યાસે અને વિદ્યાર્થી ભાઈ-બહેનોએ મહત્વનું યોગદાન આપ્યું હતું.





રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતજી રાજુલામાં કોટડીપરા મુકામે "સ્વચ્છતા હી સેવા" અભિયાનમાં સહભાગી બન્યા

કમલમ્,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોટડીપરા ગામની મુલાકાત લીધી હતી. આ તકે રાજ્યપાલશ્રી સહિતના મહાનુભાવો "સ્વચ્છતા હી સેવા" અભિયાનમાં સહભાગી બન્યા હતા અને ઉપસ્થિત સૌને નિયમિત સ્વચ્છતા પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. સાથે રાજ્યપાલશ્રીએ સફાઈ કર્મીઓને સન્માનિત પણ કર્યા હતા. રાજ્યપાલશ્રીએ ગ્રામજનોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, આપણે ઓક્સિજન વિના જીવી શકતા નથી, આથી વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરીને પર્યાવરણ સંરક્ષણ કરવું અનિવાર્ય છે. "સ્વચ્છતા હી સેવા" પ્રવૃત્તિ દરમિયાન રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ગ્રામજનોને પોતાના ઘરની સાથે ઘરની આસપાસના વિસ્તારની પણ નિયમિત રીતે સફાઈ કરતા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, સ્વચ્છતા થકી સન્માન વધે છે. ઉલ્લેખનીય છે કે,



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કોટડી પરા મુકામે ગીર ગાય ગોશાળાની મુલાકાત લઈને ગૌ સેવા કરી હતી. આ તકે સાવરકુંડલા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, રાજુલા ધારાસભ્ય શ્રી હિરાભાઈ સોલંકી, કોટડી પરા સરપંચ શ્રી લીલાબેન મનુભાઈ નકુમ, સ્થાનિક અગ્રણીઓ, જિલ્લા કલેક્ટર શ્રી વિક્રમ ભારદ્વાજ, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટર શ્રી હર્ષિતા ગોયલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી માંયક એ. અંસે.પી. શ્રી જયવીર ગઢવી, રાજુલા પ્રાંત અધિકારી શ્રી અકાર વ્યાસ, સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

'વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર્સ' થકી રાજ્યના ૫૧ હજારથી વધુ તાલીમબદ્ધ આદિજાતિ યુવાનોને મળી રોજગારી

ગાંધીનગર સ્થિત iACE ખાતે ૮૦૦ જેટલા આદિજાતિ યુવાનોએ મેળવી તાલીમ: નામાંકિત કંપનીઓમાં રૂ. ૨.૫ થી ૫ લાખ સુધીના વાર્ષિક પેકેજ









છોટાઉદેપુર, વલસાડ, દાહોદ, ભરૂચ અને નવસારી સહિતના આદિજાતિ વિસ્તારોમાં ૯ મુખ્ય વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર્સ કાર્યરત

કમલમ્,

'વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર'ના માધ્યમથી રાજ્યમાં અત્યાર સુધીમાં ૬૬ હજારથી વધુ આદિજાતિ યુવક-યુવતીઓને વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ કક્ષાની તાલીમ પૂરી પાડવામાં આવી છે, જેમાંથી અંદાજે ૫૧ હજારથી વધુ તાલીમાર્થીઓને સફળતા પૂર્વક રોજગારી પ્રાપ્ત થઈ છે. અનુસૂચિત જનજાતિના ૧૮ થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓને ગુણવત્તાસભર વ્યવસાયલક્ષી તાલીમ આપી આત્મનિર્ભર બનાવવાના ભગીરથ હેતુથી વર્ષ ૨૦૦૮થી પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ (PPP) મોડેલ હેઠળ 'વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર' કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે. રાજ્યના છોટાઉદેપુર, વલસાડ, દાહોદ, ભરૂચ અને નવસારી જેવા આદિજાતિ વિસ્તારોમાં ૯ જેટલા પ્રમુખ વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરો સક્રિયરીતે કાર્યરત છે. જેમાં છોટાઉદેપુર અને વડોદરા પ્રાયોજના વિસ્તારમાં ગ્રોક ફાઉન્ડેશન ટ્રસ્ટ (પાલડી-વાઘોડિયા), ઓલ ગુજરાત ડ્રાઇવિંગ ઇન્સ્ટિટ્યૂટ (વાઘોડિયા) અને મુનિ સેવા આશ્રમ (ગોરજ) ખાતે તાલીમ આપવામાં આવે છે. વલસાડ જિલ્લામાં વાઘલધરા વિભાગ કેળવણી મંડળ, અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડ અને પ્રમુખ સ્વામી વોકેશનલ તાલીમ કેન્દ્ર (ધરમપુર) કાર્યરત છે. જ્યારે દાહોદમાં ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ, ભરૂચમાં સેવા રૂરલ ટ્રસ્ટ અને નવસારીમાં ભારત સરકારની પ્રતિષ્ઠિત સંસ્થા 'સિપેટ' (CIPET) દ્વારા પ્લાસ્ટિક ઇજનેરીમાં તાલીમ આપવામાં આવે છે. બજારની વર્તમાન માંગ મુજબ આ તમામ તાલીમ કેન્દ્રોમાં ૭૦ જેટલા જુદા-જુદા રોજગારલક્ષી અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે, જેમાં તાલીમાર્થીઓને વિનામૂલ્યે સ્વેચ્છા અને જમવાની ઉત્તમ સુવિધા સાથે પર્સનાલિટી ડેવલપમેન્ટની તાલીમ પણ અપાય છે. તાલીમ પૂર્ણ થયા બાદ ઓછામાં ઓછા ૭૫ ટકા તાલીમાર્થીઓને રોજગારી અપાવવાની જવાબદારી જે-તે કેન્દ્ર દ્વારા નિભાવવામાં આવે છે.

iACE, બનું આદિજાતિ યુવાનો માટે કૌશલ્ય વિકાસનું શ્રેષ્ઠ કેન્દ્ર

રાજ્યમાં કૌશલ્ય વિકાસ અભિયાનને વધુ વેગ આપતા ગાંધીનગરના 'નોલેજ કોરિડોર' ખાતે ૧૭ હજાર ચોરસ મીટર વિસ્તાર માં પથરાયેલ 'ઇન્ટરનેશનલ ઓટોમોબાઇલ સેન્ટર ઓફ એક્સેલન્સ' (iACE) આદિજાતિ યુવાનો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. ગુજરાત સરકાર અને મારુતિ સુઝુકી ઇન્ડિયા લિમિટેડ (MSIL) ના ૫૦-૫૦ ટકા ઇક્વિટી હિસ્સા સાથેના આ સંયુક્ત સાહસમાં એન્જિનિયરિંગ, ડિપ્લોમા અને ITI સ્નાતક યુવાનોને ઉદ્યોગોની માંગ મુજબ ૮૦ ટકા પ્રેક્ટિકલ અને ૨૦ ટકા થિયરી આધારિત વિશિષ્ટ તાલીમ આપવામાં આવે છે. ૩૦ થી ૩૫ નિષ્ણાત ટ્રેનર્સ ધરાવતા આ કેન્દ્રમાં હાલ ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે. iACE ખાતે હાઈ એન્ડ સ્કિલ ટ્રેનિંગ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧માં પ્રથમ બેચની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં અંદાજ ૪ હજારથી વધુ યુવાનો અહીં તાલીમબદ્ધ થયા છે, જેમાં વર્ષ ૨૦૨૪થી ૮૦૦ જેટલા આદિજાતિ યુવાનોએ તાલીમ મેળવી છે. અહીં ૩ મહિનાની વિશેષ તાલીમ ઉપરાંત ૧ વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ, ૬ મહિનાના એડવાન્સ અને સ્કિલ એન્હાન્સમેન્ટ સર્ટિફિકેટ કોર્સ, ૩ વર્ષનો બી.એસ.સી. ટ્રાન્સપોર્ટેશન એન્ડ મોબિલિટી કોર્સ તેમજ વર્ષ ૨૦૨૧માં સ્થાપવામાં આવેલ 'ઈન્ડ્યુબેશન સેન્ટર દ્વારા સ્ટાર્ટઅપ અને ઉદ્યોગસાહસિકતા માટે પણ પ્રોત્સાહન પુરું પાડવામાં આવી રહ્યું છે. આ સંસ્થા ખાતે ઓટોમોટિવ કંપાનીઓમાં પ્લેસમેન્ટ મળે છે. આ રોજગારી અંતર્ગત બી.ટેક સ્નાતક યુવાનોને વાર્ષિક રૂ. ૪ થી ૫ લાખ અને ITI પાસ યુવાનોને વાર્ષિક રૂ. ૨.૫ લાખ સુધીના આકર્ષક પેકેજ પ્રાપ્ત થઈ રહ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દૂરદ્રષ્ટી માર્ગદર્શન અને આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલના સક્રિય નેતૃત્વ હેઠળ રાજ્યના અનુસૂચિત જનજાતિના યુવાનોને કૌશલ્યવર્ધક બનાવી આત્મનિર્ભર બનાવવાની દિશામાં ભગીરથ કામગીરી થઈ રહી છે. જેના પરિણામે રાજ્યના છેવાડાના આદિજાતિ યુવાનો આજે ઉચ્ચ કૌશલ્ય અને આકર્ષક પગાર સાથે વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત@2047 ના વિઝનમાં સક્રિય ભાગીદાર બની રહ્યા છે.

પ્રતિભાવ

'વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર' યોજનાના લાભાર્થી અને ચિખલીના રહેવાસી મયૂર પટેલે પોતાના અનુભવ અંગે જણાવ્યું હતું કે, તેમણે બિલીમોરા ITI ખાતે મોટર મિકેનિક વ્હીકલ ટ્રેડમાં પ્રાથમિક કક્ષાની તાલીમ મેળવી હતી.

ત્યારબાદ વધુ ઉચ્ચ કક્ષાનું કૌશલ્ય પ્રાપ્ત કરવાની દિશામાં તેમને ગાંધીનગર સ્થિત iACE સંસ્થા વિશે જાણકારી મળી હતી. આથી તેમણે અહીં પ્રવેશ મેળવી મોટર મિકેનિક ક્ષેત્રે વધુ વ્યવસાયિક અને ગુણવત્તાયુક્ત તાલીમ પ્રાપ્ત કરી હતી. મયૂરના જણાવ્યા અનુસાર, iACE ની સૌથી મોટી વિશેષતા એ છે કે, અહીં આદિજાતિ તાલીમાર્થીઓને તાલીમની સાથે રહેવા અને જમવાની તમામ સુવિધા આ પણ સંપૂર્ણપણે નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે. આ સુવિધાઓને પરિણામે આર્થિક મુશ્કેલીઓ ધરાવતા યુવાનોને પણ ઉચ્ચ કક્ષાની તાલીમ મેળવી પોતાની કારકિર્દી ઘડવાની ઉત્તમ તક મળી રહી છે.

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના લીલાપુર મુકામે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ યુવાનો સાથે સંવાદ યોજ્યો






કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના લીલાપુર મુકામે યુવાનો સાથે સંવાદ યોજ્યો હતો. આ સંવાદમાં તેમણે યુવાનો સાથે વિકસિત ભારત, લોકશાહી મૂલ્યો અને રાષ્ટ્રહિત સહિત વિવિધ વિષયો પર વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. આ બાદ શ્રી વિશ્વકર્માએ સરદાર સરોવર નર્મદા નિગમની સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલના ઝેંઝી સ્થિત પમ્પિંગ સ્ટેશન-૧ની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ કર્યો છે. આ સંકલ્પને સાકાર કરવામાં દેશની યુવા શક્તિની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. આજનો યુવા માત્ર આવતી કાલનું ભવિષ્ય નથી, પરંતુ વર્તમાન ભારતના નિર્માણમાં પણ સક્રિય ભાગીદાર છે. યુવાનોની ઊર્જા, નવીન વિચારશક્તિ, ટેકનોલોજી ક્ષેત્રે કૌશલ્ય, સંશોધન, ઉદ્યોગસાહસિકતા અને રાષ્ટ્ર પ્રત્યેની પ્રતિબદ્ધતા ભારતને વિશ્વમાં અગ્રેસર બનાવવાની ક્ષમતા ધરાવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા યુવાનોને શિક્ષણ, કૌશલ્ય વિકાસ, સ્ટાર્ટઅપ, રોજગાર, રમતગમત, સંશોધન અને ટેકનોલોજી સહિતના વિવિધ ક્ષેત્રોમાં આગળ વધવાની તકો પૂરી પાડવામાં આવી રહી છે. શ્રી વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, મજબૂત રાષ્ટ્ર માટે લોકશાહીની ગરિમા જાળવવા, બંધારણીય સંસ્થાઓમાં વિશ્વાસ વધુ મજબૂત કરવા અને લોકશાહી પ્રક્રિયાની પવિત્રતા જાળવવામાં દરેક યુવાનની સક્રિય ભૂમિકા અત્યંત જરૂરી છે. તેમણે યુવાનોને આહવાન કર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના વિઝનને સાકાર કરવા માટે યુવાનો પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ યોગદાન આપે, લોકશાહી મૂલ્યો પ્રત્યે જાગૃત રહે અને રાષ્ટ્રના વિકાસની યાત્રામાં સહભાગી બને. આ કાર્યક્રમમાં વિધાનસભાના પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડો. નરેશભાઈ દેસાઈ, પ્રભારી શ્રી કિરીટભાઈ પટેલ, જિલ્લા ભાજપા પ્રમુખ હાર્દિકભાઈ ટમાલીયા સહિત પદાધિકારીઓ, આગેવાનો અને યુવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

આદિજાતિ ખેડૂતોને હવે રવિ પાક માટે પણ કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો લાભ મળશે



કમલમ્, ગાંધીનગર

રાજ્યમાં આદિજાતિ ખેડૂતોનાં વિકાસ માટે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે એક મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્યની કૃષિ વૈવિધ્યીકરણ યોજના અંતર્ગત આદિજાતિ ખેડૂતોને ખરીફ ઋતુમાં જેમ બિયારણ અને ખાતરની સહાય આપવામાં આવતી એ જરીતે ચાલુ વર્ષથી આ સહાય રવિ પાક માટે આપવામાં આવશે. જનજાતિય કલ્યાણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭માં કૃષિ વૈવિધ્યકરણ યોજના (રવિ ઋતુ) હેઠળ આ યોજનાનો અમલ શરૂ થઇ ગયો છે. ચાલુ વર્ષે આદિજાતિ ખેડૂતો પાસેથી રવિ પાક માટે સહાય મેળવવા માટે અરજીઓ મંગવામાં આવી હતી, આ યોજના હેઠળ ૪૮૧૯૦ ખેડૂતોને લાભ આપવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા આદિજાતિ ખેડૂત માટે કૃષિ વૈવિધ્યીકરણ યોજના વર્ષ ૨૦૧૨થી શરૂ કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૧૫.૭૦ લાખ આદિજાતિ ખેડૂતોને લાભ મળ્યો છે. આ યોજના હેઠળ ખેડૂતોને બિયારણ અને ખાતરનીકિટ પૂરી પાડવામાં આવે છે, જેથી આદિવાસી વિસ્તારોમાં કૃષિ ઉત્પાદકતામાં વધારો થાય અને પાક વૈવિધ્યીકરણને પ્રોત્સાહન મળે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આદિજાતિ વિકાસ માટે અનેક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે અને આદિજાતિ ખેડૂતોને ખરીફ પાકની જેમ રવિ પાકમાં બિયારણ અને ખાતરની સહાય મળે તેવી યોજના ગોઠવવામાં આવી છે. રાજ્યનાં આદિજાતિ વસ્તી ધરાવતા ૧૪ જિલ્લાઓ માં બિયારણ અને ખાતરનાં વિતરણની શરૂઆત થઈ ગઈ છે. ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં વસતા લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. આદિવાસી ખેડૂતોને ખેતી દ્વારા તેમની આવક વધારવામાં મદદરૂપ થવાના ઉદ્દેશથી આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કૃષિ ક્ષેત્રે વિવિધ સહાય યોજનાઓ અમલમાં મૂકવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ થી કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત ખરીફ ઋતુ હેઠળ આદિજાતિ ખેડૂતોને મંગફળી, સોયાબીન, જુવાર, ડાંગર, રીંગણ, અડદ, તુવેર, રાગી (નાગલી), ભીંડા અને બાજરી સહિતના પાકોમાંથી કોઈ એક પાકના બિયારણની સહાય આપવામાં આવે છે. પસંદ કરેલા પાક મુજબ એક એકર જમીનમાં વાવેતર માટે જરૂરી બિયારણ તથા ખાતરનો જથ્થો આપવામાં આવે છે. આ સહાયનાં હેતુ ખેડૂતોના ખેતી ખર્ચનો બોજ ઘટાડવા, કૃષિ ઉત્પાદકતા વધારવા અને આદિવાસી વિસ્તારોમાં પાક વૈવિધ્યીકરણને પ્રોત્સાહન આપવાનો છે.

કૃષિ વૈવિધ્યકરણ યોજના (રવિ ઋતુ) હેઠળ પાત્રતા ધરાવતા આદિજાતિ ખેડૂતો માટેની સહાયઃ

બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, પંચમહાલ, દાહોદ અને છોટાઉદેપુર જીલ્લામાં: મુખ્ય પાકમાં ઘઉં, ચણા અને મકઇ પૈકીકોઈ એક બિયારણ અને તેની સાથે ટામેટા, ભીંડા અને રીંગણનું બિયારણ. ખાતરમાં (પ્રોમ ૫૦ કિલો ૧ બેગ એમોનિયમ સલ્ફેટ-૫૦ કિલો ૧ બેગ તથા એન.પી.કે. કોન્સોર્ટિયા બોટલ) આપવામાં આવશે.

નર્મદા, ભરૂચ, સુરત, નવસારી, તાપી, વલસાડ અને ડાંગ જીલ્લામાં:

મુખ્ય પાકમાં ભીંડા, ટામેટા, દૂધી, કુકુંબર અને તેની સાથે રીંગણ અને ભોકલીનું બિયારણ. ખાતરમાં (પ્રોમ ૫૦ કિલો ૧ બેગ, એમોનિયમ સલ્ફેટ-૫૦ કિલો ૧ બેગ તથા એન.પી.કે. કોન્સોર્ટિયા બોટલ) આપવામાં આવશે. આ યોજના હેઠળ લાભ લેનાર લાભાર્થીને અમલીકરણ સંસ્થા દ્વારા ખેતી અંગેની તાલીમ, માર્કેટ લીંકજની સેવાઓ તેમજ કોન અને મેસેજ દ્વારા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

ઓનલાઇન પોર્ટલથી લાભાર્થીઓની પસંદગી ઝડપી અને પારદર્શકબની

લાભાર્થીઓની પસંદગીની પ્રક્રિયા ઝડપી બનાવવા, પાત્ર આદિવાસી ખેડૂતો ને સમયસર યોજનાનો લાભ મળે તે સુનિશ્ચિત કરવા અને સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા વધારવા માટે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા યોજનાનું ઓનલાઈન પોર્ટલ વિકસાવવામાં આવ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩થી આ પોર્ટલ ગુજરાતના તમામ આદિજાતિ જિલ્લાઓમાં કાર્યરત છે. ઓનલાઈન પોર્ટલ શરૂ થતાં આદિવાસી ખેડૂતોએ યોજનાનો લાભ મેળવવા માટે સરકારી કચેરીઓના ધક્કા ખાવાની જરૂર રહેતી નથી. અરજી કરવાથી લઈને લાભની મંજૂરી સુધીની સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવે છે, જેના કારણે ખેડૂતો માટે યોજનાનો લાભ મેળવવો વધુ સરળ અને સુવિધાજનક બન્યો છે.

આરોગ્ય અને ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યવ્યાપી જનજાગૃતિ અભિયાન 'ઓપરેશન હેલ્થ'નો પ્રારંભ

રાજ્યભરમાં વેચાતા 'આઈસ્ક્રીમ' અને 'ફ્રોઝન ડેઝર્ટ' વચ્ચેના તફાવત અંગે ગ્રાહકોમાં વ્યાપક જનજાગૃતિ લાવવાનો ઉદ્દેશ

'શિક્ષિત વર્ગ અને સોશિયલ મીડિયા ગ્રુપ્સ આ જનજાગૃતિ અભિયાનમાં સહભાગી બને': આરોગ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

કમલમ્,

આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતા હેઠળ રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા અને ખાદ્ય પદાર્થોમાં પારદર્શિતા લાવવાના ઉદ્દેશ સાથે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ તથા ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઉચ્ચ અધિકારીઓની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યભરમાં વેચાતા 'આઈસ્ક્રીમ' અને 'ફ્રોઝન ડેઝર્ટ' વચ્ચેના તફાવત અંગે ગ્રાહકોમાં વ્યાપક જનજાગૃતિ લાવવા માટે રાજ્યવ્યાપી અભિયાન શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ગ્રાહકો ગેરમાર્ગે ન દોરાય અને તેમને શુદ્ધ અને સ્વાસ્થ્યપ્રદ ખાદ્યવસ્તુઓ મળી રહે તે દિશા સાથે આરોગ્યમંત્રીશ્રીદ્વારા અભિયાનને સઘન બનાવવા સૂચનો આપવામાં આવ્યા હતા. મંત્રીશ્રી એ જણાવ્યું હતું કે, હાલમાં બજારમાં આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ બન્ને પ્રકારના ઉત્પાદનો ઉપલબ્ધ છે. જેફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ ૨૦૦૬ હેઠળની માન્ય ખાદ્યચીજ છે. જે દેખાવ, ઠંડક અને સ્વાદમાં સમાન હોવાથી મોટાભાગના ગ્રાહકો બંનેને 'આઈસ્ક્રીમ' માનીને જ ખાય છે. પરંતુ બંનેની બનાવટમાં તફાવત છે. આઈસ્ક્રીમ મિલ્ક ફેટમાંથી બનાવવામાં આવે છે, જ્યારે ફ્રોઝન ડેઝર્ટ'માં વેજિટેબલ ફેટનો ઉપયોગ થાય છે. આરોગ્ય વિભાગના અંદાજ મુજબ, મોટા ભાગના નાગરિકો આ તફાવતથી અજાણ છે અને અજાણતા જ ફ્રોઝન ડેઝર્ટને આઈસ્ક્રીમ સમજીને આરોગી રહ્યા છે. આ આરોગ્ય મંત્રીશ્રીએ ગ્રાહકોને અપીલ કરી હતી કે, ખાદ્યચીજ-વસ્તુઓ-ની ખરીદી કરતા પહેલા પેકેટ પરનું લેબલ ચકાસી તેનું નામ, તેમાં રહેલા ઘટકોની યાદી તેમજ પોષકતત્વોની માહિતીની અવશ્ય તપાસ કરે. ઉત્પાદન ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તાના ધોરણોનું પાલન કરતું હોય તે આવશ્યક છે. આઈસ્ક્રીમ કે ફ્રોઝન ડેઝર્ટની ખરીદતા પહેલા તેની બનાવટમાં રહેલા ઘટકતત્વોને ખાસ ચકાસણી કરવી જોઈએ. વધુમાં મંત્રીશ્રીએ રાજ્યના આઈસ્ક્રીમ વિક્રેતાઓને અપીલ કરી હતી કે, છૂટક આઈસ્ક્રીમ કે ફ્રોઝન ડેઝર્ટનું વેચાણ કરતી વખતે ગ્રાહકોને ઉત્પાદનની બનાવટ વિશે સ્પષ્ટ જણાવે. યોગ્ય ડિસ્પ્લે બોર્ડ અથવા માર્કિંગ કરે જેથી ગ્રાહકો માગેરસમજનૂ ન થાય. મંત્રીશ્રી એ જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષમાં મીડિયાના સહયોગથી એનાલોગ પનીર, ચીઝ અને બટર અંગે લોકોમાં જાગૃતિ આવી છે, તે જરીતે આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટના તફાવત અંગે પણ જનજાગૃતિ આવશ્યક છે. આ ઉપરાંત, શિક્ષિત વર્ગ અને સોશિયલ મીડિયા ગ્રુપ્સ આ માહિતી વધુમાં વધુ લોકો સુધી પહોંચાડી આ જનજાગૃતિ અભિયાનમાં સહભાગી બને. ઉલ્લેખનીય છે કે, ફ્રોઝન ડેઝર્ટ હોવાનો અર્થ એ નથી કે ઉત્પાદન ભેળસેળયુક્ત કે અસુરક્ષિત છે. જો તે લાયુ પડતા ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તાના ધોરણોનું પાલન કરતું હોય તો તે કાયદેસર ઉત્પાદન હોઈ શકે છે. બન્ને ઉત્પાદનોની ગુણવત્તા અને પોષક મૂલ્ય તેમના ઘટકો તથા ઉત્પાદનની પ્રક્રિયા પર આધારીત છે આ બેઠકમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર શ્રી રતનકંવર ગઢવી ચારણ સહિત આરોગ્ય અને ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઉચ્ચ કક્ષાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



આઈસ્ક્રીમ' અને 'ફ્રોઝન ડેઝર્ટ' વચ્ચેનો તફાવત જાણી, લેબલ વાંચીને ખરીદી કરવા અનુરોધ

રાયસણના પંચેશ્વર રામજી મંદિરમાં ભક્તિની રમઝટ: યુવાનોના સૂરે ગૂંજી ઊઠી સંધ્યા

કમલમ્,

રાયસણ સ્થિત પ્રાચીન પંચેશ્વર રામજી મંદિરનું પ્રાંગણ રવિવારની સાંજે ભક્તિ અને ઉત્સાહના અનોખા સંગમનું સાક્ષી બન્યું. અહીં યોજાયેલા 'ભજન જેમિંગ' કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાનો ઉમટી પડ્યા અને સૂર, તાલ તથા શ્રદ્ધાના ત્રિવેણી સંગમથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું. સામાન્ય રીતે ભજન-સંધ્યાને મોટી ઉંમરના ભક્તો સાથે જોડવામાં આવે છે, પરંતુ આ કાર્યક્રમે એ માન્યતાને સંપૂર્ણ રીતે બદલી નાખી. અહીં યુવા પેઢીએ જ પહેલ કરી, પોતે વાજિંત્રો ઉપાડ્યાં અને એક પછી એક ભજનોની રમઝટ બોલાવી. તબલા, હાર્મોનિયમ અને ઢોલકના તાલ સાથે જ્યારે યુવા કંઠે "જય આદ્યાશક્તિ" અને "મહાદેવની સ્તુતિ"ની ગૂંજ ઉપ્રસ્થિત સૌ કોઈ ભાવવિભોર થઈ ઊઠ્યા. "જેમિંગ"ની આ આધુનિક શૈલીમાં કોઈ ઔપચારિક મંચ કે નિશ્ચિત ક્રમ ન હતા—જેને જે ભજન સૂઝે, તે ઝીલતો જાય અને બાકીના સૌ સૂરમાં સૂર પુરાવતા જાય. આ સહજતા જ કાર્યક્રમની સૌથી મોટી સુંદરતા બની રહી. આ સમગ્ર આયોજનની ધુરા યુવા મિત્રોની એક ઉત્સાહી ટોળકીએ સંભાળી હતી. આદિત્ય, સત્યમ, પરમ, સચિન તીર્થ પટેલ અનેકક્યપ મોદીએ સાથે મળીને આ ભક્તિ-સંધ્યાનું આયોજન કર્યું હતું. તેમના જણાવ્યા મુજબ, આજની યુવા પેઢીને પોતાની સંસ્કૃતિ અને આધ્યાત્મિકતા સાથે જોડવાનો આ એક નમ્ર પ્રયાસ હતો. "ભક્તિ માત્ર પરંપરા નથી, એ તો ઊર્જા છે—અને એ ઊર્જા યુવાનોના સૂરમાં જ્યારે વહે, ત્યારે આખું મંદિર જીવંત થઈ ઊઠે છે," એવી લાગણી આયોજક ટોળકીએ વ્યક્ત કરી. સંધ્યા જેમ જેમ આગળ વધતી ગઈ, તેમ તેમ ભાવિકોની સંખ્યા વધતી ગઈ અને મંદિર પ્રાંગણ "હર હર મહાદેવ"ના નાદથી ગૂંજી ઊઠ્યું. કાર્યક્રમના અંતે આયોજકોએ આ પ્રકારની ભક્તિ-સંધ્યા નિયમિત રીતે યોજવાનો સંકલ્પ વ્યક્ત કર્યો, જેથી યુવા પેઢીને વધુ યુવાનો આ આધ્યાત્મિક પ્રવાહ સાથે જોડાઈ શકે. રાયસણ પંથકના પંચેશ્વર રામજી મંદિરમાં ઉજવાયેલી આ અનોખી સંધ્યા નિઃશંકપણે સૌના સ્મરણમાં લાંબા સમય સુધી ગૂંજતી રહશે.



હિંમતનગર ખાતે કલેકટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુના અધ્યક્ષસ્થાને વિશ્વ એન્ટીમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સ જાગૃતિ સપ્તાહની ઉજવણી કરાઈ

કમલમ્, ઈડરાલ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં વિશ્વ એન્ટીમા ઈક્રોબિયલ રેઝિસ્ટન્સ (AMR) જાગૃતિ સપ્તાહ અંતર્ગત તા. ૧૮ થી ૨૪ નવેમ્બર દરમિયાન જનજાગૃતિના હેતુથી GMERS મેડિકલ કોલેજ, હિંમતનગર ખાતે કલેક્ટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ અધ્યક્ષસ્થાને જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ એન્ટિબાયોટિક દવાઓના બિનજરૂરી અને અયોગ્ય ઉપયોગથી ઊભા થતા એન્ટીમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સના ગંભીર પડકાર અંગે તબીબી જગત, આરોગ્યકર્મીઓ અને નાગરિકોમાં જાગૃતિ લાવવાનો હતો. આ કાર્યક્રમમાં કલેક્ટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ એ જણાવ્યું હતું કે સૌએ એન્ટિબાયોટિક દવાઓની જવાબદારીપૂર્વક ઉપયોગ કરવા અને સમાજમાં AMR અંગે જનજાગૃતિ ફેલાવવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેઓએ વિશેષમાં જણાવ્યું હતું કે એન્ટીમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સ સામેની લડાઈમાં દરેક નાગરિકે જવાબદાર સૈનિક બનવાનું છે. આપણે સૌએ સામાન્ય શરદી, ઉધરસ કે વાયરલ તાવમાં પોતાની રીતે એન્ટિબાયોટિક દવાઓ ન લેવી. તબીબી સલાહ મુજબ જ દવાઓનો ઉપયોગ કરવો.

આજે દવાઓનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીશું, તો આવતીકાલે પણ તે જીવન બચાવવામાં અસરકારક રહેશે. આ કાર્યક્રમમાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. કે. એસ. ચારણે પ્રાસંગીક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે 'One Health, One Action: Prevent AMR Now' ના અભિગમ સાથે માનવ આરોગ્ય, પશુઆરોગ્ય અને પર્યાવરણ વચ્ચેના પરસ્પર સંબંધને સમજાવી AMR સામેની લડાઇમાં તમામ વિભાગો અને નાગરિકોની સહભાગિતા આવશ્યક છે. કાર્યક્રમ દરમિયાન માઇક્રો બાયોલોજી વિભાગના એસોસીએટ પ્રોફેસર ડો. આશા હળપતિએ જણાવ્યું કે એન્ટિબાયોટિક દવાઓ આધુનિક તબીબી વિજ્ઞાનની અમૂલ્ય ભેટ છે, પરંતુ તેનો બિનજરૂરી ઉપયોગ અને ડોક્ટરની સલાહ વિના દવાઓ લેવાની આદત ભવિષ્યમાં રોગની સારવારને વધુ મુશ્કેલ બનાવી શકે છે. આ પ્રસંગે એન્ટિબાયોટિકનો ઉપયોગ માત્ર લાયક તબીબની સલાહ અને પ્રિસ્ક્રિપ્શન મુજબ જ કરવો, પોતાની રીતે દવાઓ શરૂ કે બંધ ન કરવી, બચેલી એન્ટિબાયોટિકનો પુનઃઉપયોગ ટાળવો તથા દવાઓનો નિયમિત સારવારક્રમ અનુસરવો જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વધુમાં, હાથની સ્વચ્છતા, વ્યક્તિગત સ્વચ્છતા, રસીકરણ અને ચેપ નિયંત્રણના અસરકારક ઉપાયો અપનાવીને એન્ટિબાયોટિકની જરૂરિયાત ઘટાડી શકાય છે તે અંગે પણ સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે એન્ટીમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સ અંગે પ્રતિજ્ઞા લેવામા આવેલ. આ જાના કાર્યક્રમમાં આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી દક્ષાબેન પટેલ, જીલ્લા વિકાસ અધિકારીશ્રી અંચ.પી. પટેલ, જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ ડીન શ્રી ડો. જસવંત દરજી, સી.ડી.એમ.ઓ.શ્રીહિનાબેન શાહ, જીલ્લા એપેડમીક મેડીકલ ઓફીસરશ્રી, ડો.પી.એસ.ડામોર, તાલુકા આરોગ્ય અધિકારીશ્રી, મેડીકલ કોલેજ અને નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.




શુક્રવારે જીવનનગર સમિતિ ઉપક્રમે મહાદેવધામમાં ભાવપૂર્વ તુલશી વિવાહ ઉજવાશે



કમલમ્, અમદાવાદ

જીવનનગર વિકાસ સમિતિ, રામેશ્વર મહાદેવ મંદિર, મહાદેવધામ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહિલા સત્સંગ મંડળના સંયુક્ત ઉપક્રમે મંગળવાર તા. ૨૦ મી નવેમ્બર શુક્રવારે મહાદેવધામમાં સાંજે ૫ કલાકે ઠાકોરજીના વરઘનસમારોહ ધામધૂમથી ઉજવાશે. લગ્નમાં આવેલી ભેટ-સોગાદો, શ્રૃંગાર, શી જ-વસ્તુ, પ્રતિ વર્ષની જેમ જરૂરિયાતમંદ પરિવારોને આપવામાં આવશે. ઠાકોરજીના લગ્નવિધિ, તુલસી વૃંદાના પક્ષે શ્રદ્ધાળુ પરિવારે જવાબદારી લીધી છે. તુલશી વિવાહમાં અંજુલિબેન રૂપાણી, વાસણભ્રય ડો. દર્શિતાબેન શાહ, ડે. મેયર શ્રીમતિ દક્ષાબેન વસાણી, શહેર ભાજપ પૂર્વ ઉપપ્રમુખ પરેશભાઈ ધુંધલ, નગરસેવક જયોત્સનાબેન ટીલાળા, નીતાબેન લાલ, અશ્વિનભાઈ ભોરણીયા, ઘનશ્યામભાઈ હરભા વાડ઼ના પ્રભારી ધ્યેયભાઈ દોશી, પ્રમુખ જયેશભાઈ ચોટાળીયા, ઉપપ્રમુખ મુંજલભાઈ નથવાણી, મનિષભાઈ દેકાવીયા સહિત ભાજપના હોદ્દેદારો હાજરી આપવાના છે. મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ અને વિનોદરાય ભટ્ટ વ્યવસ્થા ની જવાબદારીમાં હોય જીવનનગર, જ્ઞાનજીવન, દેશળદેવ પરા, અમી પાર્ક, તિરૂપતિનગર, બ્રહ્મસમાજ, શિવપરા, રાવલનગર, આસપાસના રહીશો તુલશી વિવાહમાં ભાગ લેવાના છે. ઠાકોરજીના લગ્નહોય રહીશોએ પોતાનું યોગદાન જાહેરાત કરતાં સમીયાણો ઉભો કરવામાં આવ્યો છે. ભગવાન ના લગ્ન સમારોહમાં વર-કન્યા પક્ષે પોપટ પરિવાર અને વ્યાસ પરિવાર પૂજામાં બેસવાના છે. સમિતિના વિનોદરાય ભટ્ટ તથા સુનિતાબેન વ્યાસએ જણાવ્યું કે ગુરૂવાર સાંજે ૫ કલાકે મંદિરના પટાંગણમાં મંગળાષ્ટક પછી અને સાંજના ગીતોનું આયોજન ઉપરાંત શુક્રવારે સાંજે ૪ કલાકે ઠાકોરજીનું સામૈયું યજમાનના ઘરેથી નીકળશે. માગોઉપર પુષ્પવૃષ્ટિ સાથે લગ્નમંડપમાં કન્યા પક્ષ પરિવાર જાનૈયાઓનું સ્વાગત કરશે. તુલશી વિવાહ સમારોહ જીવનનગર શેરી નં. ૪, બ્રહ્મસમાજ સામે, રેષ્ઠ રોડ, મહાદેવધામમાં સાંજે ૫ થી રાત્રીના ૭ સુધી ધાર્મિક કાર્યક્રમો ગોઠવવામાં આવ્યા છે. મહેફા મંડળ તમામ તૈયારી પુરી કરી લીધી છે. મહિલા મંડળના ભારતીબેન રાવલ, શોભનાબેન ભણવડિયા, કિર્તીબેન કગથરા, યોગીતાબેન જોબનપુત્રા, ભારતીબેન ગંગદેવ, આશાબેન મજેઠીયા, સુનિતા બેન વ્યાસ, હસુબેન પંડ્યા, ભક્તિબેન ખખ્કર, રહીશો એ લગ્ન સમારોહની જવાબદારી લીધી છે. સમિતિના પ્રમુખ અને એડવોકેટ જયંતભાઈ પંડ્યાની રાહબર નીચે તમામ ધાર્મિક કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું છે. અંતમાં શુક્રવાર સાંજે ૪ કલાકે મહાદેવધામમાં ધર્મપ્રેમી જનતાનું હાજરી આપવા વ્યવસ્થાપક સુનિતા બેન વ્યાસ અનુરોધ કર્યા છે તેમ યાદીમાં જણાવાયું છે.

રાજુલા તાલુકાના સમૂહખેતી ગામે રાજ્યપાલશ્રીની અધ્યક્ષતામાં રાત્રિ સભા યોજાઈ



કમલમ્,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને 'ગ્રામ કલ્યાણ કાર્યક્રમ' અંતર્ગત અમરેલી જિલ્લા ના રાજુલા તાલુકાના સમૂહખેતી ગામે રાત્રિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ ગ્રામજનો સાથે આત્મીય સંવાદ સાધી ગામના સર્વાંગી વિકાસ માટે પરિવાર ભાવના, સામૂહિક એકતા, પ્રાકૃતિક ખેતી, ગૌપાલન, જળસંચય, સ્વચ્છતા અને વ્યસનમુક્તિનું મહત્વ સમજાવ્યું હતું. સભાને સંબોધતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ભગવદ્ ગીતા ના કર્મયોગના સંદેશનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, ભગવાન શ્રીકૃષ્ણે ગીતા માં નિષ્કામ કર્મ અને કર્તવ્યપાલનનો મહાન સંદેશ આપ્યો છે. દરેક વ્યક્તિએ પોતાના કર્તવ્યનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું જોઈએ. ગામના લોકો પરિવાર ભાવનાથી એકબીજા ના સુખ-દુઃખમા સહભાગી બને અને સામૂહિક જવાબદારી સાથે ગામના વિકાસમાં યોગદાન આપે તો આદર્શ ગ્રામજીવનનું નિર્માણ થઈ શકે છે. તેમણે વધુમા જણાવ્યું હતું કે, ખેડૂત સમૃદ્ધ બનશે અને ગામડું આત્મનિર્ભર બનશે, તો જ સાચા અર્થમાં ગ્રામ કલ્યાણ અને રાષ્ટ્ર નિર્માણ શક્ય બનશે. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રેરિત કરતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, એક દેશી ગાયના ગોબર અને ગૌમૂત્ર માંથી બનતા જીવામૃત તથા ઘનજીવામૃતના ઉપયોગથી ૩૦ એકર જમીનમાં ઓછા ખર્ચે પ્રાકૃતિક ખેતી કરી શકાય છે. આ પદ્ધતિથી જમીન માં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ વધે છે, પાણીનો બચાવ થાય છે અને ખેતી ખર્ચ ઘટવાની સાથે ખેડૂતોની આવકમાં વધારો થાય છે. આ દશ ગામના નિર્માણ માટે રાજ્યપાલશ્રીએ 'ખેતરનું પાણી ખેતરમાં અને ગામનું પાણી ગામમાં'ના મંત્ર સાથે જળસંચય, વૃક્ષારોપણ અને પર્યાવરણ સંરક્ષણ માટે સહિયારા પ્રયાસો હાથ ધરવા અનુરોધ કર્યો હતો. ગામની શેરીઓ અને ઘરઆંગણાં સ્વચ્છ રાખવા, તમાકુ, ગુટખા અને દારૂ જેવા વ્યસનોનો ત્યાગ કરી વ્યસનમુક્ત ગામ બનાવવાની તેમજ દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને દીકરીઓને ઉચ્ચ શિક્ષણની તકમળે તે સુનિશ્ચિત કરવાની હાકલ કરી હતી. સમૂહખેતી ગામ ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાનું પૈતૃક ગામ છે. આ ગામમાં તેમના દાદા અને પૂર્વ ધારાસભ્ય શ્રી ભગવાન બાપા કસવાલા એ સમૂહ ખેતીનો પ્રારંભ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ દાયકાઓ પહેલા થયેલા આ ઉત્કૃષ્ટ કાર્યને બિરદાવ્યું હતું.

રાત્રિ સભામાં ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, જિલ્લા કલેક્ટર શ્રી વિક્રમ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રાજેશકુમાર મૌર્ય, એ.એસ.પી. શ્રી જયવીર ગઢવી, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટર શ્રી હર્ષિતા ગોયલ સહિત સમૂહ ખેતી ગામના અગ્રણીશ્રીઓ, ખેડૂતો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજુલા તાલુકાના કોટડી મુકામે અનુસૂચિત જાતિ પરિવારનું આતિથ્ય માણ્યું



કમલમ્,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજુલા તાલુકાના કોટડી મુકામે અનુસૂચિત જાતિ પરિવારની મુલાકાત લીધી હતી. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કર્યક્રમ પૂર્વે કોટડી ગામના અનુસૂચિત જાતિ પરિવારના પ્રેમજીભાઈ જોગદીયાના ઘરે પધારી સવારના સાત્વિક અલ્પાહાર સાથે ભાવપૂર્વક આતિથ્ય માણ્યું હતું. રાજ્યપાલશ્રીએ જોગદીયા પરિવારના સભ્યો સાથે આત્મીયતા થી સંવાદ કર્યો હતો અને પરિવારજનોના ખબર-અંતર પૂછ્યા હતા. રાજ્યપાલશ્રીના આ સહજ, સરળ અને આત્મીય વ્યવહારથી જોગદીયા પરિવાર આનંદિત અને ભાવવિભોર બન્યો હતો. રાજ્યપાલશ્રીએ અનુસૂચિત જાતિ પરિવાર સાથે અલ્પાહાર કરીને સામાજિક સમરસતા, સમાનતા અને ભારતીય સંસ્કૃતિની 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાનું સુંદર દૃષ્ટાંત પૂરું પાડ્યું હતું. જોગદીયા પરિવારે રાજ્યપાલશ્રી પોતાના આંગણે પધાર્યા અને પરિવાર સાથે સવારના અલ્પાહાર સાથે આતિથ્ય માણ્યુ ત બદલ અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગેએમ સેવી જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, સાવરકુંડલા - લીલીયાના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, રાજુલા ધારાસભ્ય શ્રીહિરાભાઈ સોલંકી, જિલ્લા કલેક્ટર શ્રી વિક્રમ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રાજેશકુમાર મૌર્ય, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટર શ્રી હર્ષિતા ગોયલ, એ.એસ.પી. શ્રી જયવીર ગઢવી ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સમૂહખેતી ગામે વહેલી સવારે મનસુખભાઈ કુંભાણીના ઘરે ગૌ સેવા કરી



રાજ્યપાલશ્રીએ સમૂહખેતી મુકામે પ્રાથમિક શાળાના સામાન્ય ઓરડામાં રાત્રિ રોકાણ બાદ ખેડૂત પરિવારની સાથે મુલાકાત કરી

કમલમ્,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લા ના રાજુલા તાલુકા ના પ્રવાસ દરમિયાન સમૂહખેતી (ધુડીયા આગરીયા) ગામે સરકારી પ્રાથમિક શાળાના એક સામાન્ય ઓરડામાં રાત્રિ રોકાણ કર્યું હતું. રાજ્યપાલશ્રી ગ્રામીણ સંસ્કૃતિ સાથે તાદાત્મ્ય સાધીને વહેલી સવારે સમૂહખેતી ગામના ખેડૂત શ્રી મનસુખભાઈ કુંભાણીના ઘરે પહોંચ્યા હતા અને ગાયોના પાલન પોષણની વિગતો મેળવી હતી. ઉલ્લેખનીય છે કે, ખેડૂત મનસુખભાઈ કુંભાણી પાસે અંદાજિત ૩૨ વીઘા જેટલી જમીન છે, જેમાં તેઓ પ્રાકૃતિક કૃષિ સાથે બાગાયતી પાકનું પણ વાવેતર કરે છે. રાજ્યપાલશ્રીએ તેમનાં ઘરે જઈ અને ગૌ સેવા કરી હતી અને પશુપાલન સાથે પ્રાકૃતિક કૃષિ અંગે પ્રોત્સાહન પુરું પાડ્યું હતું.

અમરેલી જિલ્લાના રાજુલાના સમૂહખેતી (ધુડીયા આગરીયા) મુકામે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ઊઘડતી ઉષાએ વિદ્યાર્થીઓ અને ગ્રામજનો સાથે કર્યા યોગ અને પ્રાણાયામ

નિયમિત યોગાભ્યાસથી શરીર તંદુરસ્ત રહે છે, મન એકાગ્ર બને છે અને જીવનમાં સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છેઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી



કમલમ્,

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લાના રાજુલા ના સમૂહખેતી (ધુડીયા આગરીયા) ગામ ખાતે રાત્રિવિશ્રામ કર્યા બાદ ઊઘડતી ઉષાએ શાળાના વિદ્યાર્થીઓ, ગ્રામજનો તેમજ યુવાઓ સાથે યોગાભ્યાસ કર્યો હતો. જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તથા સાવરકુંડલા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા પણ આ યોગાભ્યાસ સત્રમાં જોડાયા હતા. સમૂહખેતી મુકામે પરોઢિયે યોજાયેલા યોગ સત્ર દરમિયાન રાજ્યપાલ શ્રીએ ઉપસ્થિત ગ્રામજનો, વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સાથે વિવિધ યોગાસનો કર્યા હતા અને યોગના આરોગ્યલક્ષી ફાયદાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, નિયમિત યોગાભ્યાસથી શરીર તંદુરસ્ત રહેછે, મન એકાગ્ર બને છે અને જીવનમા સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે તેમણે વધુમાં ઉમેર્યું કે, યોગ એ ભારતની પ્રાચીન વિરાસત છે જેને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વવ્યાપી બનાવી છે. વ્યસ્ત જીવનશૈલી માં યોગ અને પ્રાણાયામ સ્વસ્થ જીવન માટે અત્યંત જરૂરી છે. યોગદ્વારા શરીર, મન અને આત્મા વચ્ચે સંતુલન સ્થાપિત થાય છે, જેના પ્રારંભે માનસિક તણાવ દૂર થાય છે અને અભ્યાસમાં પણ વધુ એકાગ્રતા પ્રાપ્ત થાય છે. યોગ અભ્યાસ બાદ રાજ્યપાલશ્રીએ પ્રાણાયામનો અભ્યાસ પણ કર્યો હતો અને સૌને નિયમિત પ્રાણાયામ કરવાનો અનુરોધ કર્યો હતો. તેમણે કપાલભાતિ, અનુલોમ-વિલોમ, ભસ્ત્રિકા ના નિયમિત અભ્યાસથી શ્વસનતંત્ર મજબૂત બનતું હોવાની માહિતી આપી હતી. ઉપરાંત ઓમકારનું મહત્વ સમજાવ્યું હતું. અંતે ઓમકારના ઉચ્ચારણ સાથે સમગ્ર યોગાભ્યાસનો પ્રાંતિપૂર્ણ વિરામ આપવામા આવ્યો હતો. રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામા આવેલી યોગ પ્રસ્તુતિને બિરદાવી હતી. રાજ્યપાલશ્રીએ યોગ અભ્યાસમા સહભાગી થનારા સૌ ઉપસ્થિતોને નિરામય સ્વાસ્થ્ય માટે આશીર્વચન પાઠવ્યા હતા.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજુલા તાલુકાના ઝાંપોદર મુકામે પ્રાકૃતિક કૃષિ કરતા પ્રગતિશીલ ખેડૂત દાનાભાઈ લાડુમોરના ખેતરની મુલાકાત લીધી

રાજ્યપાલશ્રીએ ચુરિયા સહિતના રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ ત્યાગીને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે ખેડૂતોને આહ્વાન કર્યું



કમલમ્,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લાના રાજુલા ના તાલુકાના ઝાંપોદર (જુની માદરી રોડ સ્થિત) મુકામે પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂત દાનાભાઈ લાડુમોરના ખેતરની મુલાકાત લીધી હતી. રાજ્યપાલશ્રીએ અહીં આંબા, વિવિધ ફળ અને શાકભાજી સહિતના પાકનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. આ મુલાકાત વેળાએ રાજ્યપાલશ્રીએ ખેડૂતોને યુરિયા સહિત રાસાયણિક ખાતરયુક્ત અને જંતુનાશક દવાઓમુક્ત ખેતી છોડીને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે આહ્વાન કર્યું હતું. તેમણે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો અપનાવી લોક કલ્યાણકારી ખેતી અપનાવવા માટે જરૂરી માર્ગદર્શન પુરું પાડ્યું હતુ. રાજ્યપાલશ્રીએ આ મુલાકાત દરમિયાન ખેડૂતો સાથે આત્મીયતાભર્યો સંવાદ કર્યો હતો તથા પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોના પ્રોત્સાહક અનુભવો જાણી હર્ષ વ્યક્ત કર્યો હતો. રાજ્યપાલશ્રીની મુલાકાત વેળાએ જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, સાવરકુંડલા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, રાજુલા ધારાસભ્ય શ્રી હિરાભાઈ સોલંકી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાકૃતિક કૃષિકાર દાનાભાઈ લાડુમોરના ફાર્મખાતે કૃષિ વૈજ્ઞાનિક દ્વારા ઉપસ્થિત સર્વે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ, તેનું મહત્વ અને જીવામૃત, ઘનજીવામૃત તૈયાર કરવાની પદ્ધતિનું વિશેષ માર્ગદર્શન આપવા મા આવ્યું હતું. રાજ્યપાલશ્રીએ ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વમા ક્લાઇમેટ ચેન્જિંગ સતત વધી રહ્યું છે તેની નકારાત્મક અસરો માત્ર જળ, જમીન અને વાયુ પર નહી, પરંતુ સાથે સાથે માનવીય જીવન પર પણ પડી રહી છે કેન્સર સહીતના જીવલેણ રોગ સતત વધી રહ્યા છે. રાસાયણિકખાતરો અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઓવરવી ઉપયોગથી જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું સ્તર સતત ઘટી રહ્યું છે. આપણો ખોરાક હવે ગુણવત્તા ગુમાવી રહ્યો છે. જમીન પ્રદૂષિત બનીને બંજર બની રહી છે. રાજ્યપાલશ્રીએ વર્તમાનની સાથે ભવિષ્યનો વિચાર કરીને પરિવારની જરૂરીયાત પ્રમાણે થોડી જમીનમાં ગૌ આ ધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવી જોઈએ એ વિચાર પર વાત આગળ વધારતા ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિએ પુણ્યનું કામ છે. પ્રાકૃતિક કૃષિ કરવાથી આવકમાં વધારો થાય છે. તે ધારણા મૂળમાંથી જ ખોટી સાબિત થઈ રહી છે. ઝાંપોદર મુકામે રાજ્યપાલ શ્રીની પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત વેળાએ રાજુલાના પૂર્વ ધારાસભ્ય શ્રી અંબરીષભાઈ ડેર, સ્થાનિક આ ગેવા નો અને અગ્રણીશ્રીઓ, જિલ્લા કલેક્ટર શ્રી વિક્રમ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી માર્ય, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટર શ્રી હર્ષિતા ગોયલ, એ.એસ.પી શ્રી જયવીર ગઢવી, રાજુલા પ્રાંત અધિકારી શ્રી અક્षર વ્યાસ સહિતના અધિકારીશ્રીઓ, બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજુલા તાલુકાના સમૂહખેતી ગામે અનુસૂચિત જાતિ પરિવારનું આતિથ્ય માણ્યું

રાજ્યપાલશ્રીએ પરિવારજનો સાથે આત્મીયતાથી સંવાદ કરી સાદું અને સાત્વિક ભોજન આરોગ્યું



કમલમ્,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજુલા તાલુકાના સમૂહ ખેતી ગામે ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત રાત્રિ સભા પૂર્વે ગામના અનુસૂચિત જાતિ પરિવારના જીવાભાઈ ધાખડાના ઘરે પધારી પરિવારનું ભોજન આતિથ્ય માણ્યું હતું. રાજ્યપાલ શ્રીએ ધાખડા પરિવારના સભ્યો સાથે આત્મીયતાથી સંવાદ કર્યો હતો અને પરિવારજનોના ખબર-અંતર પૂછ્યા હતા. ત્યારબાદ પરિવાર સાથે બેસીને સાદું અને સાત્વિક ભોજન લીધું હતું. આ પ્રસંગે પરિવારની બહેનોએ આત્મીયતાથી તૈયાર કરેલું ભોજન રાજ્યપાલશ્રીએ ભાવપૂર્વક ગ્રહણ કર્યું હતું. રાજ્યપાલશ્રીના આ સહજ, સરળ અને આત્મીય વ્યવહારથી ધાખડા પરિવાર આનંદિત અને ભાવવિભોર બન્યો હતો. રાજ્યપાલશ્રીએ અનુસૂચિત જાતિ પરિવાર સાથે ભોજન કરીને સામાજિક સમરસતા, સમાનતા અને ભારતીય સંસ્કૃતિની 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ધાખડા પરિવારે રાજ્યપાલશ્રી પોતાના આંગણે પધાર્યા અને પરિવાર સાથે ભોજન લીધું તે બદલ અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે સાવરકુંડલા - લીલીયાના ધારાસભ્યશ્રી મહેશ ભાઈ કસ્વાલા, જિલ્લા કલેક્ટર શ્રી વિક્રમ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રાજેશ કુમાર મૌર્ય, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટર શ્રી હર્ષિતા ગોયલ, એ. એસ. પી શ્રી જયવીર ગઢવી હાજર રહ્યા હતા.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી રાજુલા તાલુકાના સમૂહખેતી (ધુડીયા આગરીયા) ગામની મુલાકાતે

સમૂહખેતી મુકામે ગોવિંદ સાગર તળાવનું વિધિવત્ ભૂમિપૂજન કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી



કમલમ્,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી રાજુલા તાલુકાના સમૂહખેતી (ધુડીયા આગરીયા) અને કોટડીપરા ગામની મુલાકાતે પધાર્યા છે. રાજ્યપાલશ્રી સહિતના મહાનુભાવોએ સમૂહખેતી મુકામે "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પ્રસરાવ્યો હતો. આ તકે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સમૂહખેતી મુકામે ગોવિંદસાગર તળાવનું વિધિવત ભૂમિપૂજન કર્યું હતું અને જળ સંરક્ષણના ઉમદા કાર્યો માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ઉલ્લેખનીય છે, કે રાજ્યપાલશ્રી સમુહખેતી ગામ ખાતે પધારતા તેમને ગાંડા બોર બોનર આપવામાં આવ્યું હતું. શાળાના એન.સી.સી કેડેટ્સ બાળકોએ માર્ચ પાસ્ટ કરીને તેમનું સ્વાગત કર્યું હતું. રાજ્યપાલશ્રીને ગ્રામજનોએ ઉમળકાભેર વધાવ્યા હતા. રાજ્યપાલ શ્રીએ પણ સૌનું અભિવાદન ઝીલ્યું હતું. રાજ્યપાલશ્રીએ એક પેડ માં કે નામ ૩.૦' વૃક્ષારોપણ કાર્યક્રમ બાદ ગ્રામજનોને સંબોધન કરતાં જણાવ્યું કે, આપણે વૃક્ષારોપણ થી પર્યાવરણ જતન થવાની પ્રક્રિયા ની સાથે વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરીને તેમનો સતત ત્રણ વર્ષ સુધી કાળજીપૂર્વક ઉછેર કરવો જોઈએ. રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત સૌ ગ્રામજનોને પર્યાવરણ સંરક્ષણ માટે પ્રેરણા પુરી પાડી હતી. આ તકે સાવરકુંડલા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, રાજુલા ધારાસભ્ય શ્રી હિરાભાઈ સોલંકી, સમૂહખેતી ગામના સરપંચશ્રી, સ્થાનિક અગ્રણીશ્રીઓ, જિલ્લા કલેક્ટર શ્રી વિક્રમ ભારદ્વાજ, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટર શ્રી હર્ષિતા ગોયલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી માર્ય, એ.એસ.પી. શ્રી જયવીર ગઢવી, રાજુલા પ્રાંત અધિકારી શ્રી અક્षર વ્યાસ સહિત સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે કોટડીપરા ખાતે ખેત તલાવડીનું લોકાર્પણ; સાત લાખ લીટર પાણીનો થશે સંગ્રહ

ચુરિયા અને ડી.એ.પી. જેવા રાસાયણિક ખાતરો વિના પણ સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી દ્વારા ભરપૂર ઉત્પાદન મેળવી શકાય છેઃ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી



કમલમ્,

ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોટડીપરા ખાતે ખેડૂત શ્રી મનુભાઈ નકુમના ખેતરમાં રાજ્ય સરકારની સહાયથી તૈયાર કરવામાં આવેલી ખેત તલાવડીનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ખેત તલાવડીમાં પાણીના સંગ્રહની ક્ષમતા વધારવા માટે જિયોમેમ્બ્રેન ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેના પરિણામે અંદાજે સાત લાખ લીટર વરસાદી પાણીનો લાંબા સમય સુધી સંગ્રહ થઈ શકશે અને ખેડૂતોને સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે. આ પ્રસંગે ઉપસ્થિત ગ્રામજનો અને ખેડૂતોને સંબોધતા રાજ્યપાલશ્રી આચાર્યદેવવ્રતજીએ જળસંચય અને જળસંવર્ધનના આ પ્રયાસ બદલ ખેડૂત શ્રી મનુભાઈ નકુમ અને તેમના પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત ૯૨ વર્ષીય વડીલનો વિશેષ ઉલ્લેખ કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, કોઈ પણ પ્રકારની દવાઓ વિના ૯૨ વર્ષની ઉંમરે પણ સંપૂર્ણ સ્વસ્થ અને નિરોગી જીવન જીવવું એ પ્રકૃતિની ગોદમાં શાંત અને સંતોષમય જીવન જીવવાનું જ પરિણામ છે. તેમણે ઉમેર્યું હતું કે, આજના યુગમાં આવા વડીલો આપણા સૌના માટે જીવંત પ્રેરણાસ્રોત છે. પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોને માર્ગદર્શન આપતા રાજ્યપાલશ્રીએ આહ્વાન કર્યું હતું કે, માત્ર પોતાના પરિવાર પૂરતું જ નહીં, પરંતુ અન્ય લોકોને પણ ઝેરમુક્ત અનાજ મળી રહે તે માટે ખેડૂતોએ સંપૂર્ણ ખેતરને પ્રાકૃતિક ખેતીતરફ વાળવું જોઈએ. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, યુરિયા અને ડી.એ.પી. જેવા રાસાયણિક ખાતરોનો ઉપયોગ ક્યાં વિના પણ સંપૂર્ણ ઉત્પાદન મેળવી શકાય છે. આ માટે આગામી દિવસોમાં વૈજ્ઞાનિકોની ઉપસ્થિતિમાં વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની સંપૂર્ણ જાણકારી આપવામાંઆવશે. રાજ્યપાલશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, ધારાસભ્યશ્રી હીરાભાઈ સોલંકી અને ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના ખેડૂતો અને નાગરિકો સુધી પહોંચાડવા સતત કાર્યરત છે. રાજ્યપાલશ્રીએ સમૂહખેતી ગામ ખાતે રાત્રિ જનસંવાદ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ગ્રામજનોને આમંત્રણ પણ પાઠવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજુલા-જાફરાબાદના ધારાસભ્યશ્રી હીરાભાઈ સોલંકી, સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, રાજુલા ના પૂર્વ ધારાસભ્યશ્રી અંબરીશભાઈ ડેર, જિલ્લા કલેક્ટરશ્રી વિક્રમ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ કુમાર મૌર્ય, સુપરન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટરશ્રી હર્ષિતા ગોયલ, એ.એસ.પી. ધારીશ્રી જયવીર ગઢવી સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor :Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028